# મોડાસા ઘાંચી આરોગ્ય કેન્દ્ર નજીક ગટરના ઢાંકણ તકલાદી બનાવતા ૨૪ કલાકમાં તૂટ્યા

મોડાસા, તા. ૨
નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં વિકાસના કામો હેઠળ વર્ષે



દહાડે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. મોડાસા શહેરમાં પ્રિ મોનસુમ કામગીરી હેઠળ ભૂગર્ભ ગટર યોજનામાં સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે જેમાં કોન્ટ્રાક્ટરે ચેમ્બર પર બનાવેલ ધાબાની કામગીરીમાં હલકી કક્ષાનું માલસામાન વાપરવામાં આવતા ઢાંકણ ૨૪ કલાકમાં તૂટી જતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. નગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર ગટર પર નવનિર્માણ ઢાંકણ પર વાહનો દોડાવતા તૂટી ગયા હોવાનું જણાવ્યું હતું.

મોડાસા શહેરની ધી ઘાંચી આરોગ્ય કેન્દ્ર નજીક બનાવેલ રોડ પાસેથી પસાર થતી ગટર લાઈનમાં પ્રિ મોન્સૂન કામગીરી હેઠળ સાફ-સફાઈ કર્યા પછી ચેમ્બર પર બનાવેલ સિમેન્ટના ઢાંકણમાં લોટ, લાકડું અને પાણી વાપરવામાં આવ્યું હોવાનું અને તકલાદી કામ કરાતા ઠેર ઠેર રોડ પર ઢાંકણ તૂટી જતા લોકોમાં ભયનો માહોલ પેદા થયો છે. પ્રજાજનોએ ઢાંકણની કામગીરી નક્કર કરવામાં આવે તેવી માંગ કરી હતી. નગરપાલિકા તંત્રમાં ગટર પર બનાવેલ ઢાંકણ મજબૂત બનાવવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.




**વડગામ પંથકમાં ભારે ઉકળાટ બાદ મેઘરાજાની પધરામણી**

છેલ્લા અઠવાડિયાથી લોકો ભારે ગરમી અને ઉકળાટ થી તોબા પોકારી ઊઠયા હતા. સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટા સાથે આકાશ માં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા. વડગામ તાલુકા માં છેલ્લા અઠવાડિયા થી ગરમી માં ભારે ઉકળાટ થી લોકો તોબા પોકારી ઊઠયા હતા. મંગળવાર ના સાંજના સુમારે અચાનક વાતાવરણ પલટાયું હતું આકાશમાં કાળા ડીબાંગ વાદળો અને વિજળી કડાકા સાથે ધીમી ધારે મેઘરાજા એ પધરામણી કરી હતી અચાનક વાતાવરણ ના પલટાથી વાતાવરણ માં ઠંડક સાથે લોકોમાં ઢાઢક પ્રસરી હતી. વરસાદ આવતાં જ લોકોમાં આનંદ છવાયો હતો.

# માલપુરના જાલમ ખાંટના મુવાડાની ગ્રુપ સેવા સહકારી મંડળીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ ખેડૂતોના ખાતામાં ત્રણ ગણી લોન ઉધારી

મોડાસા, તા. ૨
અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી વિવિધ ગ્રુપ સેવા સહકારી મંડળીઓમાં હોદ્દેદારો અને બેંકના કર્મચારીઓ ગ્રામજનો તેમજ ગ્રાહકોએ આવેદનપત્ર આપ્યુ હતું. જેમાં તેમણે જણાવ્યુ હતું કે, ખેડૂતોને ધીરાણ કરતી મંડળીની રકમ મર્યાદા એક લાખ કરતા ઓછી હોય છે ત્યારે આ અંગે મંડળીના વહિવટકર્તા જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. સભાસદો જે લોન લીધેલ છે તે નાણાં ભરપાઈ કરવા તૈયાર છે પરંતુ બમણીથી ચાર ગણી



સાથે મીલીભગતથી ખેડૂતોને ધિરાણ અને વ્યાજના નામે લૂંટાતા હોવાની અનેક ઘટનાઓ ભૂતકાળમાં બહાર આવી હતી. માલપુર તાલુકાના જાલમ ખાંટના મુવાડાની ગ્રુપ સેવા સહકારી મંડળીમાંથી લોન લેનાર ખેડૂતોના નામે લોન કરતા બે થી ત્રણ ગણી રકમ ઉધારી લાખ્ખો રૂપિયાનું કૌભાંડ કર્યુ હોવાનું ગામલોકાએ આક્ષેપ કરી બેંક નોટિસના પગલે ખેડૂતો દોડતા થયા હતા. ન્યાયની માંગ સાથે માલપુર મામલતદાર, જીલ્લા રજીસ્ટ્રાર અને જીલ્લા અધી. કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

જિલ્લા નિવાસી નાયબ કલેકટર આર.જે. વલ્વીને છે, અને તેમના ખાતામાં બે લાખ જેવી રકમ ઉધારવામાં આવી છે. સભાસદોના જણાવ્યા અનુસાર જે રકમ તેમના ખાતામાં ઉધારવામાં આવી છે, તે ધીરાણ કરતાં બમણીથી ચાર ગણી છે અને આટલી મોટી રકમનું ધીરાણ તેઓએ ક્યારે નથી લીધુ. સભાસદોને લાગી રહ્યુ છે કે તેમના સાથે વિશ્વાઘાત અને છેતરપીડી આચારવામાં આવી છે. ત્યારે આ સમગ્ર મામલે જિલ્લા અધિક કલેક્ટરને રજૂઆત કરતાં તપાસ કરવાની હૈયા ધારણાં આપવામાં આવી હતી.

જેના પર આક્ષેપ કરવામાં આવ્યો છે તેવા તાત્કાલીન સેક્રેટરી પ્રતાપભાઈ માલાભાઈ ખાંટ જાન્યુઆરી ૨૦૧૯માં મૃત્યુ પામ્યા રકમ ભરવા સક્ષમ નથી.

હાલ ધી સબારકાંઠા જિલ્લા સહકારી બેંક દ્વારા જે સભાસદોના નાણાં ભરપાઈ કરવાના બાકી છે તેમના નામે ધી જાલમખાંટ મુવાડા દુધ સહકારી મંડળીના દુધ સભાસદોના દર અઠવાડીએ ચુકવાતા નાણાં સ્થગીત કરવામાં આવતા સભાસદોની હાલત ખુબજ દયનીય થઈ ગઈ છે. સભાસદોએ માંગ કરી છે કે આ અંગે ઉચ્ચ સ્તરીય તપાસ કરી તેમને ન્યાય આપવામાં આવે નહીતર એ ના છુટકે તેમને ન્યાયની માંગણી માટે જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના પટાંગણમાં શાંત સત્યાગ્રહ ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે.

**ડો. આંબેડકર અત્યોદય વિકાસ નિગમના ચેરમેન**


# ગૌતમભાઈ ગેડીયાને સમાજ રત્ન પુરષ્કાર એનાયત થયો

કલોલ, તા. ૨
કલોલ ભારત માતા ટાઉનહોલ નગરજનોથી ખીચોખીચ ભરાયેલો હતો. ત્યારે તાળીઓના ગડગડાટ વચ્ચે ડૉ. આંબેડકર અત્યોંદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડીયાને સમાજ રત્ન ગૌરવ પુરષ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત ગુરૂ-બ્રાહ્મણ સમાજ નવપરગણાના અગ્રણી ખેમચંદભાઈ પંડ્યા, કુબેરદાસ પંડ્યા સહીત અનેક કલોલ નિવાસી સમાજ બંધુઓએ આ એવોર્ડ અર્પણ કર્યો હતો. ત્યારે રાજ્ય સભા સાંસદ મહંત શંભુપ્રસાદજી ટુંડીયા, સુપ્રિટેન્ડેન્ટ ઓફ કસ્ટમ રાજેન્દ્રભાઈ એન. શ્રીમાળીએ, ધારાસભ્ય કડી કરશનભાઈ સોલંકી મ્યુનિસિપલ બોર્ડ શિક્ષણ વાઈસ ચેરપર્સન શ્રીમતી સવિતાબેન શ્રીમાળી પ્રમુખ ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ રાજ્યકક્ષા જે.વી. શ્રીમાળી અનુ.જાતિ મોરચો ગાંધીનગર જિલ્લો ભાજપના પ્રમુખ નિલેશભાઈ આચાર્ય સહીત ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનજ્યોત શિક્ષણ સમિતિ આયોજનત એવોર્ડ વિતરણ આપવાના કાર્યક્રમમાં સંસ્થાના તમામ હોદ્દેદારો જયદીપ વ્યાસ, જીજ્ઞેશભાઈ શ્રીમાળી, સંજયભાઈ શ્રીમાળી, શ્રીમતી રશ્મીકાબેન શ્રીમાળી, મિતેશભાઈ પંડ્યા, શ્રીમતી જાગૃતિબેન દવે, વિશાલભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કલોલ શહેર તથા રાજ્યના અનેક જિલ્લાઓમાંથી સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખની વરણી

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામના વતની



ભદ્રેશભાઈ કનૈયાલાલ ઉપાધ્યાયની અરવલ્લી જીલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય બ્રહ્મસમાજના કન્વીનર યજ્ઞેશભાઈ દવે અને મુખ્ય સંગથક કમલેશભાઈ વ્યાસે અભિનંદન પાઠવ્યા હતા. અરવલ્લી જીલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે વરણી થતા ભદ્રેશભાઈ ઉપાધ્યાયે ગુજરાત રાજ્ય બ્રહ્મસમાજ અને અરવલ્લી જીલ્લા બ્રહ્મસમાજનો આભાર માન્યો હતો તથા એકલિંગજી પ્રગતિ મંડળના હોદ્દેદારોએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પાલનપુર ખાતે ચિલ્ડ્રન હોમના અનાથ, નિરાધાર બાળકોને મા અમૃતમ કાર્ડ અપાયા

પાલનપુર, તા. ૨
પાલનપુર ખાતે ચિલ્ડ્રન હોમમાં અનાથ, નિરાધાર, એક વાલીવાળા તેમજ રક્ષણ અને જરૂરીયાતવાળા બાળકોને રાખવામાં આવે છે. આ બાળકોને આરોગ્યની સારવાર મફતમાં મળી રહે તે માટે બનાસકાંઠા આરોગ્ય વિભાગ મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ- મા કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતાં. પાલનપુર ચિલ્ડ્રન હોમના આવા ૧૬ બાળકોને મા કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે. પાલનપુર મામલતદાર દ્વારા આ બાળકોના રેશનકાર્ડ નથી તે અંગેનો દાખલા આપવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એમ. કે. જોષી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ. નરેશભાઈ મેણાત સહિત આરોગ્ય કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહી મા કાર્ડ એનાયત કર્યા હતા.

# બજેટમાં મુખ્ય જોગવાઈ...

### સી-પ્લેન શરૂ કરવા રૂ. પાંચ કરોડના ખર્ચે વોટર એરોડ્રામ

હાલ રાજ્યમાં ૧૨ એરપોર્ટ અને પાંચ એરસ્ટ્રીપ કાર્યરત છે. સરદાર સરોવર, શેત્રુંજય ડેમ, સાબરમતી રિવરફ્રન્ટ પર વિમાન ઉતરાણ શરૂ કરવા માટે રૂ.૫ કરોડના ખર્ચે વોટર એરોડ્રામ બનાવવાની પણ બજેટમાં જાહેરાત કરાઈ હતી. તો, જ્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના એરિયલ વ્યૂ માટે રૂ.૧ કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્યમાં સી-પ્લેનની સુવિધા શરૂ કરવા રૂ.૫ કરોડના ખર્ચે વોટર એરોડ્રામ બનાવવામાં આવશે.આ સિવાય મત્સ્યોદ્યોગના વિકાસ માટે માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર, સૂત્રાપાડા મત્સ્ય બંદર વિકાસ માટે રૂ.૨૧૦ કરોડ, ફીશિંગ બોટ ડીઝલ વપરાશ માટે વેટ સહાય આપવા રૂ.૧૫૦ કરોડ અને કેરોસીન સહાય માટે રૂ. ૧૮ કરોડની જોગવાઈ કરી છે.

### આગામી ૩ વર્ષમા નવા ૬૦ હજાર કર્મચારીઓની ભરતી કરાશે

નાણાંમંત્રી દ્વારા આગામી ૩ વર્ષમા નવા ૬૦ હજાર કર્મચારીઓની ભરતી કરવાની મહત્વની જાહેરાત પણ કરાઈ હતી. તો, નવા ૭૦ હજાર સખી મંડળો બનાવી રૂ. ૭૦૦ કરોડનું ધિરાણ આપવાની જોગવાઈ પણ કરાઈ છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના સહિત વિવિધ રોજગાર યોજનાઓનો ૧૫ લાખ યુવાનોને લાભ અપાશે. જ્યારે આગામી ૩ વર્ષમા મુદ્રા યોજના હેઠળ ૫૦ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવશે તેવી વાત પણ નીતિન પટેલે કરી હતી.

### દીકરી પહેલા ધોરણમાં આવે ત્યારે રૂ.૪૦૦૦ની સહાય

સરકારની વહાલી દીકરી યોજના અંતર્ગત રૂ.૨ લાખની આવક ધરાવતા પરિવારોને સહાય આપવા દીકરી પહેલા ધોરણમાં આવે ત્યારે રૂ.૪૦૦૦ની સહાય આપવામાં આવશે તેવી જાહેરાત પણ બજેટમાં કરાઈ હતી. આ સિવાય દિકરી જ્યારે ૯મા ધોરણમાં આવે ત્યારે રૂ.૬૦૦૦ની સહાય અપાશે. તેમજ ૧૮ વર્ષ પૂર્ણ કરે ત્યારે તેણીને રૂ.૧ લાખની સહાય અપાશે. આ યોજના માટે સરકાર દ્વારા કુલ રૂ. ૧૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આંગણવાડીમાં પુરક પોષણ માટે ૭૫૧ કરોડ તથા વિધવા પેન્શન માટે ૩૭૬ કરોડ અને પૂર્ણા યોજના માટે ૮૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

### જળ સંપત્તિના વિવિધ કામો માટે રૂ.૭૧૫૭ કરોડની જોગવાઈ

રાજ્ય સરકાર દ્વારા બંધ જાળવણી, નહેર માળખા સુધારણા, સહભાગી સિંચાઈ યોજના જેવા જળ સંપત્તિના વિવિધ કામ માટે રૂ. ૭૧૫૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે સૌની યોજનાના ત્રીજા તબક્કાના રૂ.૨,૨૫૮ કરોડના કામ હાલ પ્રગતિમાં છે. જેના માટે રૂ.૧૮૮૦ કરોડની જોગવાઈ કરી છે તેમજ થરાદથી સીપુ ડેમ પાઈપ લાઈન માટે રૂ.૧૦૦ કરોડ ફાળવાયા છે. જેનો રાજયના ૬૦૦૦ ગામોને લાભ મળશે. આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈ માટે રૂ.૯૬૨ કરોડ, તાપી-કરજણ લીક પાઈપલાઈન માટે રૂ.૭૨૦ કરોડ, અંબિકા નદી પર રીચાર્જ પ્રોજેકટ માટે રૂ.૩૭૨ કરોડની જોગવાઈ કરી છે. તેમજ સુરત જિલ્લાના ૨૩ હજાર ખેડૂતો માટે રૂ.૨૪૫ કરોડ, કરજણ જળાશય માટે રૂ.૨૨૦ કરોડ, કડાણા જળાશય માટે રૂ.૩૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

### નવી સોલાર રૂફટોપ યોજના સહિતના કામો માટે રૂ.એક હજાર કરોડ

નવી સોલાર રૂફટોપ યોજના સહિતના કામો માટે રૂ.એક હજાર કરોડની જોગવાઈ પણ આ બજેટમાં કરાઈ છે. જેમાં ૩ કિલોવોટનો પ્લાન્ટ બેસાડનાર પરિવારને ૪૦ ટકા સબસિડી, ૩ થી ૧૦ ટકા માટે ૨૦ ટકા સબસિડી માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકારની આ જાહેરાતનો લાભ આશરે રાજયના બે લાખ પરિવારોને મળશે. આ સિવાય ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને શુધ્ધ કરી તે પાણી ઉંડા દરિયામા નિકાલ માટે પીપીપી ધોરણે પાઈપ લાઈન માટે રૂ.૨,૨૭૫ કરોડ ખર્ચાશે. જેના માટે આ વર્ષે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ચાલુ વર્ષે સવા લાખ ખેતી વીજ જોડાણો માટે રૂ.૧૯૩૧ કરોડની જોગવાઇ

નાણાંમંત્રી દ્વારા મહત્વની જાહેરાત કરાઈ હતી કે, ચાલુ વર્ષે આશરે ૧.૨૫ લાખ ખેડૂતોને વીજ જોડાણ મળશે, જે માટે સરકાર દ્વારા આ બજેટમાં રૂ.૧૯૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેટલા ખેડૂતોએ ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરી છે, તેમાંથી ૧,૨૫,૦૦૦ ખેડૂતોને અષાઢી બીજ(૪ જુલાઈ)ના દિવસે વીજ જોડાણ આપી દેવાશે. ખેતીનો ખર્ચ ઘટાડવાના હેતુથી સરકાર રાજયના ખેડૂતોને રાહત દરે વીજપુરવઠો પાડે છે, જેની સબસીડી માટે રૂ.૬૮૨૦ કરોડની મોટી જોગવાઈ કરાઈ હોવાનું પણ નીતિન પટેલે જણાવ્યું હતું.

### ડેરી અને પશુપાલન માટે પણ મહત્વની ફાળવણી

બજેટમાં સરકાર દ્વારા ડેરી વિકાસ અને પશુ પાલકોને સાધન સહાય માટે રૂ.૩૬ કરોડ, ગૌ સેવા વિકાસ માટે રૂ.૩૮ કરોડ, સહકાર કિસાન કલ્પ વૃક્ષ યોજના માટે રૂ.૩૩ કરોડ, ગોડાઉન બાંધકામ માટે રૂ.૧૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ સિવાય મત્સ્યોદ્યોગના વિકાસ માટે માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર, સૂત્રાપાડા મત્સ્ય બંદર વિકાસ માટે રૂ.૨૧૦ કરોડ, ફીશિંગ બોટ ડીઝલ વપરાશ માટે વેટ સહાય આપવા રૂ.૧૫૦ કરોડ અને કેરોસીન સહાય માટે રૂ.૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### પાણી પુરવઠાની યોજનાઓ માટે રૂ.૪૩૦૦ કરોડની જોગવાઇ

રાજ્ય સરકાર દ્વારા પાણી-પુરવઠાની વિવિધ યોજના માટે રૂ.૪૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ હેઠળ પ્રોજેકટ માટે રૂ.૧૯૯ કરોડ, આદિજાતિ વિસ્તારમાં રૂ.૩૦૦૦ કરોડના કામો પ્રગતિમાં છે. જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર મધ્ય ગુજરાતના ૪૩ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા માટે રૂ.૫૦૦ કરોડ, પાણી પુરવઠા ગ્રીડ ને સુદ્રઢ કરવા રૂ. ૩૪૦ કરોડની જોગવાઈ કરી છે.

### સામાજિક ન્યાય અધિકારીતા માટે રૂ.૪૨૧૨ કરોડ

આ બજેટમાં સામાજિક ન્યાય અધિકારિતા માટે ૪,૨૧૨ કરોડની જોગવાઈ કરાઈ છે. ધોરણ-૧થી ૧૦ ના વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૬૦૧ કરોડ, આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના સહાય માટે રૂ.૧૮૬ કરોડ, ધોરણ ૯માં ભણતી કન્યાઓને સાયકલ આપવા રૂ.૭૪ કરોડ, કુંવરબાઈનું મામેરું યોજના માટે રૂ.૩૫ કરોડ તથા સમરસ કુમાર છાત્રાલય માટે રૂ. ૯ કરોડની જોગવાઈ કરી છે.

### ફરી એકવાર નર્મદા યોજના માટે ૬૫૯૫ કરોડની ફાળવણી

નર્મદા યોજના અંતર્ગત મુખ્ય બંધના આનુષાંગિક કામો, પાવર હાઉસ જાળવણી, કેનાલ ઓટોમેશન, જમીન સંપાદન, નાના વીજ મથકો માટે ફરી એકવાર રૂ.૬૫૯૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સંકલિત વિકાસ માટે રૂ.૨૬૦ કરોડની ફાળવણી કરી છે, કે જેથી નર્મદા યોજનાનો લાભ રાજયના આંતરિયાળ વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનો સુધી પહોંચી શકે.

### આદિજાતિ વિકાસ માટે ૨૪૯૮૧ કરોડની જોગવાઈ

સરકાર દ્વારા આ વખતના બજેટમાં માહિતી અને પ્રસારણ માટે રૂ.૧૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ કાયદા વિભાગ માટે રૂ.૧૬૫૩ કરોડની ફાળવણી અને શિક્ષણ માટે રૂ.૩૦,૦૪૫ કરોડની જોગવાઈ અને આદિજાતિ વિકાસ માટે રૂ.૨૪૯૮૧ કરોડની જોગવાઈ કરી છે. આ સિવાય રાજ્યમાં નવી ૪૩૪ કોર્ટો શરૂ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

## અંદાજપત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયત કિંમતના ૪૦ ટકા અને ત્રણ થી ૧૦ કિલોવોટ સુધીની સિસ્ટમ માટે ૨૦ ટકાની સબસીડી આપવામાં આવશે આ યોજના માટે સરકારે ૧૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

વિવિધ યોજનાઓ દ્વારા ૧૫ લાખ યુવાનોને આગામી ત્રણ વર્ષમાં રોજગારી મળે તેવી વ્યવસ્થા કરવાનો નિતીન પટેલે દાવો કર્યો હતો અને કહ્યું હતું કે ત્રણ વર્ષમાં મુદ્રા યોજના દ્વારા ૫૦ લાખ લાભાર્થીઓને નવું ધિરાણ આપી વ્યવસાય કરવામાં સરકાર મદદ કરશે.

નાણાકીય વર્ષ દરમ્યાન ૨૮૭૪ કરોડની મહેસૂલી પુરાંત અંદાજવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે રાજ્યનું જાહેર દેવું કુલ ઘરગથ્થું ઉત્પાદનના ૧૫.૬૯ ટકા અંદાજવામાં આવ્યું છે જે ગયા વર્ષના ૧૬.૦૩ ટકા કરતા ઓછું છે. નવી યોજનાઓની જાહેરાતો સાથે નિતીન પટેલે કરવેરાની દરખાસ્તો પણ કરી છે જેમાં ઔદ્યોગિક એકમોના સ્વઉત્પાદિત વીજ વપરાશ પર વીજ કર નાંખ્યો છે. પરંપરાગત સ્ત્રોત થી સ્વઉત્પાદિત વીજ વપરાશ કરતાં એકમો પાસેથી વીજકરના હાલના યુનિટ દીઠ ૫૫ પૈસાના દરમાં વધારો કરી ૭૦ પૈસા કરવામાં આવ્યો છે.

સરકારે સ્થાવર મિલકતના લેખો પર કોઈ ફેરફાર કર્યો નથી પરંતુ સોગંદનામા તથા નોટરીના લખાણ લેખો માટે ૨૦ રૂપિયાથી વધારીને ૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે. દત્તકપત્ર, લગ્ન નોંધણી, ભાગીદારી લેખ અને વારસાગત મિલકતમાં સ્ટેમ્પડ્યુટીના દર ૧૦૦ થી વધારી ૨૦૦ કરવામાં આવ્યા છે. એ સિવાયના તમામ ફિક્સ રકમવાળા લેખો પર ૧૦૦ રૂપિયાથી વધારી ૩૦૦ કરવામાં આવ્યા છે.

નાણામંત્રીએ સેલ્સટેક્સ, વેટ, મોટરસ્પીરીટ ટેક્સ, સીએસટી, એન્ટ્રી ટેક્સ જેવા વેરા માટે ૨૦ હજારથી વધુ વિવાદ પડતર હોવાથી ૧૫મી ઓગષ્ટ થી છ મહિના સમય માટે સમાધાન યોજના જાહેર કરી છે. આ યોજનામાં ૧૦૦ કરોડથી ઓછી રકમ બાકી હોય અને બાકી નાણાં ભરપાઈ કરવામાં આવશે તો વ્યાજ અને દંડની રકમમાં રાહતો આપવામાં આવશે.

નિતીન પટેલે જાહેરાત કરી હતી કે ત્રણ વર્ષમાં નવા ૭૦ હજાર સખી મંડળો બનાવવામાં આવશે. હાલ રાજ્યમાં ૧.૫૦ લાખ સખી મંડળો છે. સરકારે વહાલી દિકરી યોજના જાહેર કરી છે જેમાં પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે ૪૦૦૦, નવમા ધોરણમાં પ્રવેશ વખતે ૬૦૦૦ અને દિકરી ૧૮ વર્ષની થાય ત્યારે એક લાખ રૂપિયા આપવામાં આવશે. આ યોજના માટે ૧૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકારે જેન્ડર બજેટમાં ૬૩૩૪૧ કરોડની જોગવાઈ કરી છે. એ ઉપરાંત રાજ્ય સરકારે નવા ૧૦ વૃદ્ધાશ્રમ શરૂ કરવા એક કરોડની જોગવાઈ કરી છે. નાણામંત્રીએ આદિજાતિ વિકાસ માટે ૨૪૮૩ કરોડની જોગવાઈ કરી છે.

રાજ્યમાં કૃષિ વિકાસ અને ખેડૂતોના કલ્યાણની યોજનાઓને આગળ ધપાવવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે ચાલુ વર્ષે ૧.૨૫ લાખ કૃષિ વીજ જોડાણો આપવા માટે ૧૯૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રની સૌની યોજના માટે સરકારે ૧૮૮૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

બજેટની રજૂઆત બાદ નાણામંત્રીએ મિડીયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે અમારી સરકારે પાંચ ફોર્મ્યુલાના આધારે બજેટની રચના કરી છે જેમાં સર્વાંગી વિકાસનું ધ્યેય છે. સૌને માટે પીવાનું પાણી, પર્યાવરણ, સૌને ઘર નું ઘર, રોજગારી અને સૌર ઉર્જા માટે અમે પ્રતિબદ્ધ છીએ. રાજ્યના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે કહ્યું હતું કે ગુજરાતના જાહેર દેવાના આંકડા ભલે વધતા હોય પરંતુ અમે ૧૭.૫૦ ટકાની મર્યાદા તોડી નથી. ગુજરાત સરકારનું જાહેર દેવું હાલ ૧૫.૬૯ ટકા છે.

અગ્રવાલે કહ્યું હતું કે ગુજરાતમાં ટપક સિંચાઈ માટે ૭૫૦ કરોડની જોગવાઈ કરી છે. ખેડૂતો ટપક સિંચાઈ અપનાવી રહ્યાં છે. રાજ્ય સરકારે આ યોજનાને ફરજીયાત કરી નથી છતાં ઉત્તર ગુજરાતના મોટાભાગના ખેડૂતોએ આ યોજનાને અપનાવી છે અને તેઓ પાણીની બચત કરી રહ્યાં છે. જીએસટીની આવકમાં થઈ રહેલા નુકશાન અંગે તેમણે કહ્યું કે જીએસટીના અમલથી ગુજરાતને જે નુકશાન થાય છે તે કેન્દ્ર સરકાર ભરપાઈ કરે છે. કેન્દ્ર વાર્ષિક ૧૪ ટકાના વૃદ્ધિદરે આ સહાય આપે છે જે ૨૦૨૨ સુધી ચાલવાની છે.

## જાહેર દેવું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાછલા વર્ષોમાં જાહેર દેવાના ઘટકોમાં ફેરફાર થયા છે જેમાં કેન્દ્ર સરકારની લોનનું પ્રમાણ ૧૧.૮૭ ટકા થી ઘટીને ૨.૮૦ ટકા થયું છે. તે જ પ્રમાણે એનએસએસએફની લોનનો હિસ્સો ૫૧.૫૯ ટકા હતો તે ઘટીને ૨૦.૧૯ ટકા થયો છે, જ્યારે બજાર લોનનો હિસ્સો ૩૨.૨૦ ટકાથી વધીને ૭૧.૪૫ ટકા થયો છે. રાજ્યના નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં એટલે કે માર્ચ ૨૦૧૯ના અંતે જાહેર દેવાના સુધારેલો અંદાજ ૨૪૦૬૫૨ કરોડ રૂપિયા છે.

ગુજરાતમાં જાહેર દેવાનું ખર્ચ ૨૦૦૪-૦૫માં ૧૦.૭૯ ટકા હતું તે ઘટીને ૮.૬૦ ટકા થયું હતું અને માર્ચ ૨૦૧૯ના અંતે તે ૮.૫૩ ટકા થવાની અપેક્ષા છે. જો કે એનએસએસએફ લોનનું પ્રમાણ જાહેર દેવામાં ૨૦.૧૯ ટકા જેટલું છે તે તેના ઉંચા વ્યાજદરના કારણે રાજ્ય સરકારના નાણાકીય ભારણમાં વધારો કરનારૂં બની રહેશે. મહેસૂલી આવકની ટકાવારી તરીકે જાહેર દેવાં પર વ્યાજની ચૂગવણી ૧૨.૯૦ ટકા થઈ છે જે ૨૦૧૭-૧૮માં ૧૩.૯૧ ટકા અને ૨૦૦૪-૦૫માં ૨૬.૮૨ ટકા હતી.

નાણા વિભાગના દસ્તાવેજમાં નોંધવામાં આવ્યું છે કે સરકાર દ્વારા મૂડી ખર્ચની જરૂરિયાતના આધારે ઉછીના નાણાં લેવામાં આવે છે. ઉછીના નાણાં પરની વ્યાજની ચૂકવણી રાજ્ય માટે બિન મતપાત્ર જિમ્મેદારી છે. સમજદારી પૂર્વકની નાણાકીય વ્યવસ્થાના ભાગરૂપે રાજ્ય તેની પૂરાંત સિલક પર વ્યાજ મેળવે છે તેટલી માત્રામાં વ્યાજની ચૂકવણીને એખ આધાર પૂરો પાડે છે.

## બહાર કરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમે પોતાની આ ટિપ્પણીમાં કોઈનું નામ નથી લીધું, પરંતુ એમ મનાઈ રહ્યું છે કે તેમનો સ્પષ્ટ ઈશારો આકાશ વિજયવર્ગીય પર હતો. આકાશે દબાણ હટાવવા આવેલા ઈન્દોર મ્યુ. કોર્પોરેશનના અધિકારીને બેટ વડે દોડાવી-દોડાવીને માર્યા હતા. આ મામલે એટલો વિવાદ થયો હતો કે આકાશને જેલભેગા થવું પડ્યું હતું. જોકે, તે જામીન પર છૂટ્યો ત્યારે તેના પરિવારજનો અને સમર્થકો દ્વારા તેનું જોરદાર સ્વાગત કરાયું હતું.

જામીન પર છૂટ્યા બાદ પણ આકાશે પોતાનો રોફ બતાવતા કહ્યું હતું કે તે જનતાની સેવા કરતો રહેશે. આકાશે કહ્યું હતું કે, હું જનતાની સેવા કરતો રહીશ, જેલમાં સમય સારી રીતે વિત્યો. તેણે કહ્યું હતું કે, પોલીસ સામે મહિલાને ઢસડવામાં આવી રહી હતી, ત્યારે હું બીજું કંઈ વિચારી શકું તેમ હતો જ નહીં. મેં જે પણ કર્યું તેનો મને કોઈ અફસોસ નથી. હું ભગવાનને એટલી પ્રાર્થના ચોક્કસ કરીશ કે તે મને ફરી બેટિંગ કરવાનો મોકો ન આપે.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂ ૩૫૯ લાખની રોયલ્ટીની આવક પ્રાપ્ત થઈ છે. જ્યારે ગાંધીનગર તેમજ મહેસાણા જિલ્લામાં રોયલ્ટીની ચોરી કરતા ૧૦૭૨ ઈસમો સામે ગુના નોંધાયા છે. જ્યારે આ પૈકી ૫૦ ને નોટીસ,૯૭૪ સામે દંડનીય કાર્યવાહી, ૯ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ગૌણ ખનિજની ૧૪૨ લીઝ કાર્યરત છે. જ્યારે ગેરકાયદેસર ઉત્ખનનના કેસમાં ૧૧ ઈસમો પકડાયા છે. જેમની પાસેથી રૂ ૯.૩૫ લાખનો દંડ વસુલાયો છે.

**દેશી વિદેશી દારુની હેરાફેરી કરતા ૫૦૬ વાહનો પકડાયા ૬.૪૭ કરોડનો દારુનો જથ્થો જપ્ત**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન કેટલા વાહનો દેશી વિદેશી દારુની હેરાફેરી કરતા ઝડપાયા અને કેટલી કિંમતના દારુનો જથ્થો મળી આવ્યો તે અંગેના ધારાસભ્ય અનિલ જોષીયારાના પ્રશ્ન સંદર્ભે રજુ થયેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ બે વર્ષમાં ૧૦૮ વાહનો દેશી દારુની હેરાફેરી કરતા પકડાયા છે. જયારે ૩૯૮ વાહનો વિદેશી દારુની હેરાફેરીમાં ઝડપાયા છે. આ ઉપરાંત ૭૪ વાહનો બિયરની હેરાફેરીના કેસમાં પકડાયા છે. આ વાહનોમાંથી ૬.૪૭ કરોડનો દારુનો જથ્થો મળી આવ્યો છે. જયારે દારુ બિયરની હેરાફેરીમાં ૧૦૫૮ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે. જયારે દારુની ગેરકાનુની પ્રવૃતિને અટકાવવા સરકારે શુ પગલા લીધા તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં રજુ કરાયેલા જવાબમાં જણાવાયા મુજબ સરકારે નશાબંધી કાયદામાં સુધારો કરીને સજા અને નાંણાકીય દંડની જોગવાઈમાં વધારો કરી કાયદો વધુ કડક બનાવ્યો છે. જયારે નશાબંધી અધિનિયમોનો ચુસ્ત અમલ કરવામાં આવી રહ્યો છે.પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલા ઈસમો વિરુધ્ધ પાસા , તડીપાર અને પ્રોહી-૯૩ જેવા અટકાયતી પગલા લેવાયા છે.

## સ્ટેમ્પ ડ્યુટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વધારાના પગલે વાર્ષિક ૧૬૦ કરોડ રૂપિયાનો અને ચાલુ નાણાંકીય વર્ષમાં ૧૦૭ કરોડનો વધારો થવાનો અંદાજ છે. વેરાની વસુલાત માટે એક સમાધાન યોજના જાહેર કરવામાં આવી છે જેમાં વેચાણવેરા, વેટ, મોટર સ્પીરીટ ટેક્સ, એન્ટ્રી ટેક્સ, સુગરકેન, પરચેઝ ટેક્સ, કેન્દ્રીય વેચાણવેરાની બાકી રહેલી વસુલાતને આવરી લેવામાં આવશે જે કરદાતાની મૂળ માંગણીની રકમ ૧૦૦ કરોડથી ઓછી હોય તેમને આ યોજનાનો લાભ મળશે. આ યોજના ૧૫મી ઓગસ્ટ ૨૦૧૯થી છ માસ માટે અમલી રહેશે. આની વિગત મોડેથી જાહેર કરાશે. કરવેરા અંગેની દરખાસ્તમાં ઔદ્યોગિક એકમોના સ્વ ઉત્પાદિત વિજ વપરાશ પર વિજદર લાગૂ કરવામાં આવ્યો છે. કેપ્ટીવ વપરાશ કરતા ઔદ્યોગિક એકમો દ્વારા ચુકવવામાં આવતો વિજકર યુનિટદીઠ ૫૫ પૈસાનો છે જેમાં ૨૦૧૩માં વધારો કરવામાં આવ્યો હતો.

## પ્રાથમિકતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રગતિમાં છે અને રોજનું ૩૬ કરોડ લીટર પાણી શુધ્ધ પીવાલાયક બનાવવા માટેનું આયોજન બજેટમાં પ્રતિબિંબિત થયું છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે, વોટર મેનેજમેન્ટ જળ વ્યવસ્થાપનને મહત્તા આપતાં જળસંચયના કામો તેમજ મહાનગરોમાં વપરાયેલા ગંદા પાણીનું શુધ્ધિકરણ કરીને રીયુઝ ઓફ ટ્રીટેડ વોટર દ્વારા ઊદ્યોગો, બાગ-બગીચા, ખેતી માટે વપરાશમાં લેવાની બાબતને પણ આ બજેટમાં પ્રાધાન્ય આપ્યું છે.